R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction
ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬
અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com
તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા
ESTD.YEAR- 20•ISSUE: 6 DATE: 06-02-2016•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-
આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )
If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડ્યા વગર પરત કરો
કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી વિરુધ્ધ ઇટાલી પાસેથી પુરાવા માંગવાનો મોદી સરકાર પર ગંભીર આરોપ



કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી વિરુધ્ધ ઈટાલી સરકાર પાસેથી પુરાવા માંગવાનો ગંભીર આરોપ મોદી સરકાર પર લગાવવામાં આવ્યો હતો.ઈટાલીના બે સૈનિકોને મુક્ત કરવાના બદલામાં ઈટાલીની સરકાર પાસેથી સોનિયા ગાંધી અને તેમના પરિવાર વિરુધ્ધ પુરાવા માંગવાના અહેવાલો પર કોગ્રેસે સરકાર પાસેથી જવાબ માંગ્યો હતો.કોગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી વિરુધ્ધના પુરાવાઓ અગસ્તા વેસ્ટલેન્ડ હેલીકોપ્ટર ગોટાળા સંદર્ભે માંગવામા આવ્યા હોવાના કથિત અહેવાલો છે.કોલકત્તાના એક અખબારના અહેવાલમાં મોદી સરકાર દ્વારા ઈટાલીની સરકાર સાથે સોદાબાજીની કોશિશ થઈ હોવાનો ચોકાવનારો દાવો કરાયો છે.

આ રિપોર્ટને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધતાં કોગ્રેસ પ્રવક્તા રણદીપ સુરજવાલાએ કહ્યું છે કે આ મામલામાં પીએમઓ દ્વારા જવાબ આપવો જોઈએ.અંગ્રેજી અખબારમાં પ્રકાશિત થયેલા અહેવાલ પ્રમાણે ભારતીય એજન્સીઓ માટે વોન્ટેડ આર્મ્સ એજન્ટે આવો આરોપ લગાવ્યો છે. કોગ્રેસના મહાસચિવ દિગ્વિજયસિંહે પણ આ બહાને સીધો વડાપ્રધાન મોદી પર તીખો શાબ્દિક હુમલો કરતાં ટ્વીટ કર્યુ છે કે મિસ્ટર પ્રાઈમ મિનિસ્ટર શું આ સાચું છે ?દિગ્વિજયસિંહે પોતાની ટ્વિટની સાથે એક તસવીર પર શેયર કરી છે. જેમાં ૫૪ વર્ષીય એજન્ટ ક્રિશ્ચિયન મિશેલે ઈન્ટરનેશનલ ટ્રિબ્યુનલ ઓફ ધ લો ઓફ ધ સીઝ અને પરમેનન્ટ કોર્ટ ઓફ ઓર્બિટ્રેશનને લખેલા પત્રમાં આવો દાવો કર્યો હતો.

ઈટાલી અને ભારત સરકાર નૌસૈનિકો દ્વારા માછીમારોની ગોળી મારી હત્યા કરવાના મામલામાં ઈન્ટરનેશનલ ટ્રિબ્યુનલ ઓફ ધ લો ઓફ ધ સીઝ અને પરમેનન્ટ કોર્ટ ઓફ ઓર્બિટ્રેશનમાં કેસ લડી રહ્યા છે.અંગ્રેજી અખબારના અહેવાલમાં દાવો કરાયો છે કે સપ્ટે.૨૦૧૫માં ન્યુર્યોર્કમાં આયોજિત સંયુક્ત રાષ્ટ્ર મહાસભા દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઈટાલીના વડાપ્રધાન મેટેયો રેન્જી સાથે પણ મુલાકાત કરી હતી.આ મુલાકાતમાં ઈટાલિયન મરિન્સને મુક્ત કરવાના બદલામાં સોનિયા ગાંધી અને તેમના પરિવાર વિરુધ્ધ કથિતપણે અગસ્તા વેસ્ટલેન્ડ મામલામાં પુરાવાની માંગણી કરાઈ હતી.

ઈટાલીની કંપની ફિનમેક્કાનિકાની મદદનીશ કંપની અગસ્તા વેસ્ટલેન્ડને ૨૦૧૦માં રાષ્ટ્રપતિ,ઉપરાષ્ટ્રપતિ અને વડાપ્રધાન સહિતના શીર્ષસ્થ નેતાઓ માટે બાર ચોપર સપ્લાય કરવાનો કોન્ટ્રાકટ મળ્યો હતો.આ કોન્ટ્રાકટ ૩૬૦૦ કરોડ રુપીયાનો હતો. આ સોદામાં દલાલી ખાવાના આરોપો લગાવાયા હતા.જો કે અંગ્રેજી અખબારના અહેવાલને વિદેશ મંત્રાલય તરફથી બકવાસ ગણાવીને તેને રદિયો આપવામાં આવ્યો હતો.જ્યારે ઈટાલી તરફથી આ મામલે કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. મહત્વપુર્ણ છે કે ૧૫ ફેબ્રુઆરી-૨૦૧૨ના રોજ બે ભારતીય માછીમારોની ઈટાલીયન મરીન્સે ગોળી મારીને હત્યા કરી હતી.



આ મામલામાં ઈટાલિયન નૌસૈનિકો મેસિમિલિયાનો લાટોરે અને સાલ્વાતોરે ગીરોની વિરુધ્ધ કેસ ચાલી રહ્યો છે.બંને ઈટાલીયન મરિન્સનો તર્ક છે કે તેમણે ભારતીય માછીમારોને ભુલથી ચાંચીયા સમજી લીધા હતા અને આત્મરક્ષા માટે ફાયરીંગ કર્યું હતું.ઈટાલીની દલીલ છે કે તેમનુ જહાજ તે વખતે આંતરરાષ્ટ્રીય જળસીમામાં હતું. તેથી ભારતીય કાયદાના આધારે કેસ ચાલી શકે નહીં.

જો કે ભારત સરકાર તરફથી કહેવામાં આવ્યું છે કે નૌસૈનિકોએ ભારતીય માછીમારો તરફથી કોઈપણ વાંધાજનક હરકતો કરાયા વગર જ તેમના પર ફાયરીંગ કર્યુ હતું. હાલ બંને માછીમારો પર ભારતમાં હત્યાનો કેસ ચાલી રહ્યો છે.આ કેસના કારણે ૨૦૧૨માં ઈટાલી અને ભારતના કુટનિતીક સબંધો બેહદ તણાવપુર્ણ બન્યા હતા.

## ભ્રષ્ટાચાર ના રોકાય તો ટેક્સ આપવાનું બંધ કરી દો : મુંબઇ હાઇકોર્ટ

મુંબઈ હાઈકોર્ટની નાગપુર બેન્ચે ભ્રષ્ટાચારના મામલોમાં સતત થઈ રહેલા વધારાના બદલ ચિંતા વ્યક્ત કરતાં નાગરિકોને કહ્યું છે કે ભ્રષ્ટાચાર વિરુધ્ધ અવાજ ઉઠાવવો જોઈએ. કોર્ટે એમ પણ કહ્યું કે જો સરકાર ભ્રષ્ટાચાર પર કાબુ મેળવવામાં નિષ્ફળ રહે તો નાગરિકોએ ટેક્સ ન આપીને અસહકાર આંદોલનની શરુઆત કરવી જોઈએ.

કોર્ટે ભ્રષ્ટાચારને મોટા માથાવાળો રાક્ષસ ગણાવીને કહ્યું કે આ સમય એકસાથે મળીને સરકારને અહેસાસ કરાવવાનો છે કે હવે હદ થઈ ગઈ છે.અને સાથે મળીને ભ્રષ્ટાચારનો ખાતમો બોલાવી શકાય છે. હાઈકોર્ટે વિશેષમાં ટિપ્પણી કરતાં કહ્યું કે જો વિરોધ કરવા છતાં ભ્રષ્ટાચાર ચાલુ રહે તો અસહયોગ આંદોલન કરીને લોકોએ ટેક્સ આપવાનું બંધ કરી દેવું જોઈએ.

કોર્ટે આ વાત માતંગ સમુદાયના ઉત્થાન માટે બનાવવામાં આવેલા લોકશાહી અણણાના ભાઉ સાઠે વિકાસ મહામંડળમાં ૩૮૫ કરોડ રુપીયાના ભ્રષ્ટાચારના મામલે સુનાવણી દરમિયાન કહી હતી. કોર્ટે આ સાથે ડીજીપીને આ મામલાનું સત્ય જાણવા અને તાત્કાલિક કાર્યવાહી કરવા માટે નિર્દેશ આપ્યો હતો.

## આરએસએસ ના મુખપત્રમાં શનિ શિંગણાપુર મહિલાઓના પ્રવેશ પ્રતિંબંધની પરંપરાને યોગ્ય ઠેરવવામાં આવી

સંઘના મુખપત્ર ઓર્ગેનાઈઝરે શનિ શિંગણાપુર મામલામાં તર્કવાદીઓની દલીલોને ખોટી ગણાવી છે. ઓર્ગેનાઈઝરે વ્યક્ત ગણાવેલી ચિંતાઓને વ્યાજબી ગણાવી છે.મહારાષ્ટમાં અહમદનગર જિલ્લાના શનિ શિગણાપુર મંદિરમાં મહિલાઓના પ્રવેશ પર પ્રતિબંધ લઈને વિવાદ ચાલી રહ્યો છે.આરએસએસના મુખપત્ર ઓર્ગેનાઈઝર દ્વારા આ પરંપરાને યોગ્ય ઠેરવવામાં આવી છે.કહેવામાં આવ્યું છે કે પ્રતિબંધને ખોટો ગણાવવાના ટેકામાં થઈ રહેલા પ્રદર્શનો કરી રહેલા તર્કવાદીઓની દલીલો ખોટી છે.ઓર્ગેનાઈઝર દ્વારા આ વિવાદના ઉકેલ માટે આદરપુર્ણ સંવાદનો માર્ગ અખત્યાર કરવાની સલાહ પણ આપવામાં આવી છે.

આઝાદી પહેલાંના દિવસોમાં શરુ થયેલા સુધારાઓને ટાંકીને ઓર્ગેનાઈઝરે કહ્યું છે કે ઘણાં વિચારકોએ બ્રિટિશ સરકાર તરફથી લાવવામાં આવેલા કાયદા દ્વારા સામાજીક સુધારાની તરફેણ કરી હતી.પરંતુ બાળગંગાધર તિલક જેવા રાષ્ટ્રવાદીઓએ તેનો વિરોધ કર્યો હતો. તેમનું માનવુ હતું કે સંવાદની પ્રક્રિયાથી જ આપણી અંદર સુધાર લાવી શકાય છે.

મહત્યપુર્ણ છે કે ગત વર્ષે વિજ્યાદસણીના પોતાના સંબોધનમાં પણ સંઘ પ્રમુખ મોહન ભાગવતે પણ આવી જ વાત કરી હતી. ઓર્ગેનાઈઝરના તંત્રીલેખમાં લખવામાં આવ્યું છે કે મહારાષ્ટ્રના શનિ શિંગણાપુરમાં ચારસો વર્ષ જુની પરંપરા છે.તેના પ્રમાણે મહિલાઓને ગર્ભગૃહમાં પ્રવેશની મંજુરી અપાતી નથી.

તૃપ્તિ દેસાઈની આગેવાનીવાળી ભુમાતા બ્રિગેડની મહિલા કાર્યકર્તાઓએ આ પરંપરાને ખોટી ગણાવીને બળજબરીથી મંદિરમાં પ્રવેશ કરવાની કોશીશ કરી છે.તંત્રલેખ પ્રમાણે,ધાર્મિક મામલાઓમાં મહિલાઓના સ્થાનને લઈને વ્યાજબી ચિંતાઓ થઈ શકે છે.પરંતુ પરંપરાને ખોટી ગણાવીને તેના સમર્થનમાં તર્કવાદી દેખાવકારોની દલીલો ખોટી છે.

## ગુજરાતને ઇ ગર્વન્નસના ત્રણ નેશનલ એવોર્ડ મળ્યા

ગુજરાતને વધુ ત્રણ નેશનલ ઈ ગર્વન્નનના એવોર્ડની ગૌરવસિધ્ધિ પ્રાપ્ત થઈ છે.તાજેતરમાં ભારત સરકાર દ્વારા ઈ ગર્વન્નસ ૨૦૧૫-૧૬ અંગે રાષ્ટ્રીયકક્ષાના એવોર્ડ આપવા અંગે જુદા જુદા રાજ્યો તરફથી અરજીઓ મંગાવેલ હતી.જે પૈકી ગુજરાતની ત્રણ અરજીઓને નેશનલ ઈ ગર્વનન્સ એવોર્ડ માટે પસંદગી કરવામાં આવી હતી. અને તા.૨૨.૧.૧૬ના રોજ નાગપુર ખાતે રાષ્ટ્રીય કક્ષાની ઈ-ગર્વનન્સ કોન્ફરન્સમાં મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડનવીશના વરદહસ્તે એવોર્ડ્સ એનાયત કરવામાં આવ્યા હતા.

મુખ્યમંત્રી આનંદીબેન પટેલે ગુજરાતની ગૌરવ ગાથામાં વધુ સીમા સ્તંભ બની રહેલા આ ત્રણ એવોર્ડસની સિધ્ધિ માટે સબંધિત કર્મયોગીઓને અભિનંદન આપ્યા હતા.ગુજરાતને પ્રાપ્ત થયેલ ત્રણ એવોર્ડમાં

૧.તાલુકા પ્લાનીંગ એટલાસ-જી.આઈ.એસ. ટેકનોલોજીનો સંતુલિત વિકાસ આયોજનનો વિનિયોગ.૨.ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડને એક્સેન્ટેડેડ ગ્રીન નોડ.એક્સજીએન પ્રોજેકટ માટે અભિવૃધ્ધિત નાવિન્ય માટે ગોલ્ડ એવોર્ડ અને ૩.ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન(ગેમી)ને ઈ લેબોરેટરી મેનેજમેન્ટ સિસ્ટમ માટે સિલ્વર એવોર્ડનો સમાવેશ થાય છે.

ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

તાજેતરમાં કોર્ટો દ્વારા કહેવાયેલ બાબતો લોકશાહી માળખા માટે ગંભીર બાબતો છે.સહુ પ્રથમ મુંબઇ હાઇકોર્ટ ની નાગપુર બેંચના એક ન્યાયમુર્તિએ જે બાબત કહી તે ખુબજ ગંભીર બાબત છે.સામાન્ય લોકો સરકારમાં ચાલતા ભ્રષ્ટાચારથી થાકી ગયા છે. કોઇપણ નાગરિકનું કામ પ્રસાદી ધરાવ્યા વિના થતું નથી.ન્યાયમુર્તિએ સામાન્ય લોકોના અવાજનો પડઘો પાડ્યો છે.તેણે કહ્યુ કે જનતાએ સરકાર વિરુધ્ધ અસહકારનું આંદોલન કરવું જોઇએ.પોતાના હક્કો માટે લડવા માટે ટેક્ષ નહી ભરીને સરકારને જાગૃત કરવા માટેનો આશય છે.ભ્રષ્ટ અમલદારશાહી અને કેટલાક ભ્રષ્ટ રાજકારણીઓએ લોકશાહીની ગાડી પાટા પરથી ઉતારી દીધી છે.કૌભાંડો સિવાય કોઇ બાબત દેખાતી નથી.લોકો માટેના નાણાં જે લોકોના ટેક્ષ દ્વારા લેવાયેલ છે તે લોકોના કલ્યાણ માટે તેમના સુધી પહોચતા નથી.મોટી મલાઇ વચેટીયાઓ ખાઇ જાય છે.છેલ્લા વીસ વર્ષોમાં દેશમાં વધી ગયેલ લાખોપતિઓ અને કરોડપતિઓની જમાતમાં મોટા ભાગના લોકોની સંપત્તિ ભ્રષ્ટાચાર થકી મેળવાઇ છે તેવા તારણો જોવા મળે છે.સામાન્ય નાગરિકો ટેક્ષ ભરે છે તોય તેમને હાલાકી પડે છે. અમીર બનેલા લોકો ટેક્ષ ભરે છે પરંતુ તે સાચો કર ભરતા જ નથી.આખરે આ બાબતે ન્યાયાધીશે જે કહ્યું તે અસરકારક બને તે જરુરી છે.પરંતુ સરકાર આ બાબતે પગલાં લે એવુ શક્ય બને ખરુ ?

બીજુ સુપ્રીમ કોર્ટ દ્વારા કરાયેલ અવલોકન પણ અત્યંત ગંભીર છે. સરકારે અરુણાચલ પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લાદવાનો કરેલ નિર્ણય બંધારણીય રીતે યોગ્ય નથી.અને કોર્ટે રાજ્યપાલના નિર્ણય સામે કડક શબ્દોમાં કહ્યુ.કોર્ટે કહ્યું કે લોકશાહીની હત્યા થતી હોય તો કોર્ટ ચુપ ના રહી શકે.આમ કોર્ટે સરકારના નિર્ણયનો વિરોધ કરીને સરકારના કાન આમળ્યા છે.ખેર,હજુ સુપ્રીમ કોર્ટે નિર્ણય આપ્યો નથી. પરંતુ જે પ્રમાણે કોર્ટનું અવલોકન છે તે પ્રમાણે કેન્દ્ર સરકારની વિરુધ્ધ નિર્ણય આવે તો સરકાર માટે ભારે પીછેહઠ કર્યાનો વારો આવશે.

કેન્દ્ર સરકારમાં બેઠેલા લોકો માટે આ પચાવવું અઘરુ છે. કારણકે તેઓ કાયદા અંગે સભાન હોવા છતાં તેમણે જે કોઇ નિર્ણયો લેવા માટે પ્રયત્ન કર્યો છે તેમના માટે માથાના દુખાવા સમાન બનશે.એનડીએની સરકાર દ્વારા લેવાયેલ કેટલા બધા નિર્ણયોમાં પીછેહઠ થઇ છે.તે તેમનુ નબળુ પાસુ છે.

---

ગ્રીસના તત્વજ્ઞાની ઝેનોએ, પોતાના સ્વમાન ખાતર બે દાંત વચ્ચે જીભ કાપી નાંખી, રાજા ઉપર ફેંકી હતી.

પાત્રીસ વર્ષનો બોડી બિલ્ડર પ્રકાશ કોયડેએ ચાર વખત મિસ્ટર ઇન્ડીયાનું ખિતાબ જીતેલો તેના બાવડાનું માપ એકવીસ ઇંચ હતું.

હાલ,ભારતમાં સાઇઠ વર્ષથી વધારે ઉંમરના માણસોની સંખ્યા લગભગ ૫૦ કરોડથી વધારે છે.

મુંબઇના ચર્ચ ગેટ સ્ટેશનથી દરરોજ ૯૫૬થી વધારે ટ્રેઇનો ઉપડે છે અને દરરોજ ૧૮ લાખ મુસાફરો મુસાફરી કરે છે.

લુધિયાણામાં રહેતા એક નેપાળી ગુરખાએ મરતા પહેલા તેની અંતિમ ઇચ્છામાં જાહેર કરેલું કે એના મરણ બાદ એના શરીર પર એક બાટલી દારુ રેડવામાં આવે તેમજ તેની સ્મશાનયાત્રામાં આવેલાને દારુ પીવડાવવામાં આવે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344,

(R)0091-2692-260332


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

**વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.**

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬

# દારુબંધી નીતિને સફળ બનાવવા ઠાકોર સેનાનુ વ્યસન મુક્તિ અભિયાન સફળ બનવુ જરુરી

તાજેતરમા ગુજરાતમાં પાટીદાર આંદોલન બાદ ક્ષત્રિય-ઠાકોર સેનાનું આદોલન શરુ થયું. પ્રજાસત્તાક દિને અમદાવાદમાં યોજાયેલી વ્યસન મુક્તિ રેલીને મળેલી સફળતા બાદ સેનાના કાર્યકરો દ્વારા દેશી-વિદેશી દારુના અડ્ડાવાળાઓને સમજાવીને અડ્ડા બંધ કરાવવાની અને સમજાવટથી ના માનતા હોય તેવા અડ્ડાવાળાઓને ત્યાં સ્થાનિક રહીશોના સહકારથી જનતા રેડ કરવાની ઝુંબેશ મોટાપાયે શરુ થઇ ગઇ છે.પરિણામે પ્રતિકારરુપે કેટલીક જગ્યાઓ પર પ્રયત્ન કરવામાં આવતા અડ્ડાવાળાઓ તરફથી સાથ સહકાર મળ્યો છે.

આ આંદોલન બીનરાજકીય હોવાથી દારુબંધીની બદીને દુર કરવા માટે અભિયાન સફળ થવા અંગેની તકો ઘણી છે.આ ઉપરાંત ક્ષત્રિય-ઠાકોર સમાજમાં દારુનું દુષણ વધુ છે.પરિણામે યુવાધન પર તેની ગંભીર અસરો જોવા મળી રહી છે.લોકોને સમજાવવામાં સફળતા મળી રહી છે. પરંતુ અત્યારના સમયમાં જ્યારે દારુનું વ્યસન ફેશન અને સ્ટેટસ સિમ્બોલ ગણાતુ થયું છે.હવે સમાજના નીચલા સ્તરે તેમજ અશિક્ષિત લોકોમાં દારુની બદી હતી તે હવે ઉપલા સ્તરે પણ પહોચી ગઇ છે.ઉચ્ચ વર્ગના શ્રીમંત લોકો, વેપારીઓ અને અધિકારીઓ પણ આ બદીના શિકાર થઇ ગયા છે.

આ આંદોલનને કારણે સહુથી મોટો ફટકો તો પોલીસ ખાતાને પડવાનો છે કારણકે પોલીસ ખાતામાં દારુના અડ્ડાવાળાઓ દ્વારા જ સહુથી મોટો ભ્રષ્ટાચાર થાય છે. કેટલીક જગ્યાઓ પર પોલીસ દારુના અડ્ડાઓ શરુ કરાવે છે કારણકે તેમને તેના કારણે નાણાં મળી શકે.

ગુજરાત સરકારની માત્ર દારુબંધીની નીતિ માત્ર કાગળ ઉપર જ છે. ખરેખર ગુજરાતમાં જ્યાં જ્યાં નજર કરો ત્યાં દારુ મળવો સરળ છે.કારણકે રાજકારણીઓ અને પોલીસને આ દુષણથી મોટો ફાયદો મળે છે.હવે જ્યારે સમાજ જાગે ત્યારે તેના પરિણામ મળી શકે છે.કાયદાથી દારુબંધી શક્ય નથી. તેના માટે જનજાગૃતિની જરુર છે.ક્ષત્રિય અને ઠાકોર સમાજે દારુની બદી દુર કરવા માટે કરેલી પહેલ ગુજરાતના વિકાસનું સહુ પ્રથમ પગથિયું છે.ઉલટાનું સરકારે ટુરીઝમ અને સર જેવા ઊદ્યોગોને પ્રોત્સાહન આપવા માટે ત્યાં દારુબંધીમાં છુટછાટો મુકી છે.

ગુજરાતમાં ક્ષત્રિય-ઠાકોર સમાજ દ્વારા ઉત્તર ગુજરાતમાં ચાલતી વ્યસન મુક્તિ ઝુંબેશને હવે સફળતા મળી રહી છે.

બનાસકાંઠાના ૪૭૬ ગામો, પાટણના૬૯ ગામો,કડી-કલોલના ૬૭ ગામો મળીને ૮૦૦ જેટલા ગામો વ્યસન મુક્ત થયા છે.લોકોએ સ્વેચ્છાએ દારુના વ્યસનને તિલાંજલી આપી છે.સમાજમાં બદલાવ લાવવો હોય અને તેની પ્રગતિ કરવી હોય તો ખરેખર સમાજમાં વ્યાપેલા દુષણો અને વ્યસનો દુર કરવા જોઇએ.

આ બધા માટે જન જાગૃતિની મશાલ જલાવવી પડે.આ સેનાએ જલાવેલી મશાલ જલતી રહે અને તેને સફળતા મળે તો ગુજરાતના વિકાસને કોઇ રોકી શકે તેમ નથી.

---

# દારુબંધીના અમલ માટે નેટવર્ક સાથે સંકળાયેલા પોલીસકર્મીઓના નામ જાહેર કરવા કોંગ્રેસની માંગ

ગુજરાતમાં દેશી દારુના અડ્ડા બંધ કરાવવા માટે ઠાકોર સમાજના યુવાનો બહાર આવ્યા પછી ગુજરાતની પોલીસ જાગી છે.અને હવે દારુના અડ્ડા બંધ કરાવવા માટેના આદેશ બહાર પાડે છે.જે કામ પોલીસનું છે તે જનતા કરી રહી છે.ગુજરાતમાં હપ્તારાજ ચાલે છે.તેનો આ નમુનો છે તેવો આરોપ કોંગ્રેસના પ્રવક્તા નિશિત વ્યાસ તરફથી મુકવામાં આવ્યો હતો.ગુજરાતમાં દારુની બદી રોકવી હોય તો દારુના ધંધાર્થીઓના નેટવર્ક સાથે ક્યા ક્યા પોલીસ ઓફીસરો રાજકારણીઓ સંડોવાયેલા છે તેની યાદી લોકહિતમાં જાહેર કરવી જોઇએ.

ગાંધીજીના ગુજરાતમાં દેશી દારુના અડ્ડાઓ ઠેર ઠેર ચાલે છે અને વિદેશી દારુ ભાજપ શાસિત રાજ્યોમાંથી ઠલવાય છે છતાં પોલીસની આંખ ઉઘડતી નથી.

જનતા જો જાગૃતતા દેખાડશે તો ગુજરાતમાં ખરેખર દારુબંધીનો અમલ થઇ શકશે. દારુબંધીનો અમલ થાય તો અનેક કુટુંબો તારાજગીમાં બહાર આવી શકે.

## ગ્રાહક મિત્રોને વિનંતી.

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬-૦૭૯ ૬૫૨૧૪૭૫૬


## ગરવી નવક્રાન્તિ સાપ્તાહિકની માલિકી અને તે અંગેની વિગત

**માહિતી : ફોર્મ નં.૪(જુઓ,રૂલ નં.૮)**

૧.પ્રકાશન સ્થળ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

૨.પ્રકાશનની સામાયિકતા : સાપ્તાહિક

૩.માલિક,મુદ્રક,પ્રકાશક : રોબિન જે. ધોળકીયા

નાગરીકતા : ભારતીય

સરનામુ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

૪.તંત્રીનુ નામ : પ્રશાંત આર.ધોળકીયા

નાગરીકતા : ભારતીય

સરનામુ : ૨-૧૦,સોનિયા એપાર્ટ,પી.ટી.કોલેજ રોડ,નારાયણનગર, અમદાવાદ.૩૮૦૦૦૭

હું રોબિન જે. ધોળકીયા, આથી જાહેર કરુ છું કે ઉપર દર્શાવેલ વિગતો મારી જાણ મુજબ અને માન્યતા મુજબ સાચી અને ખરી છે.

તા.૬-૨-૨૦૧૬ રોબિન જે.ધોળકીયા
સ્થળ:અમદાવાદ. માલિક,મુદ્રક,પ્રકાશક

## પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગુજરાતના પાંચ મહારથીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરાયા

કેન્દ્ર સરકારે પ્રજાસત્તાક પર્વ નિમિત્તે ગુજરાતના વિવિધ ક્ષેત્રે પ્રશંસનીય કામગીરી માટે પાંચ મહારથીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કર્યા હતા. પાંચ ગુજરાતી મહાનુભાવોમાં રિલાયન્સ જુથના સ્થાપક ધીરુભાઇ અંબાણી જેમણે ભારે સંઘર્ષ કરીને ઔદ્યોગિક સામ્રાજય ઉભુ કર્યુ હતું.અને વિશ્વમાં પેટ્રોલીયમ ક્ષેત્રે ભારતનું નામ રોશન કર્યુ હતું.જામનગર ખાતે તેમણે સ્થાપેલી પેટ્રોલીયમ રિફાયનરી એશીયામાં સૌથી મોટી રીફાયનરી છે.બીજા ગુજરાતી મહાનુભાવ સન ફાર્માસ્યુટીકલના ચેરમેન દિલીપ સંઘવી છે. તેમની કંપનીએ દેશભરની ફાર્મા કંપનીઓમાં ટોચની સ્થાન મેળવ્યું છે.સનફાર્મા સૌથી વધુ માર્કેટ કેપ ધરાવતી ફાર્મા કંપની છે.ત્રીજા મહાનુભાવ ન્યુરો ફીજીશ્યન ડો. સુધીર શાહ છે. તેઓ અમદાવાદની વાડીલાલ સારાભાઇ હોસ્પીટલમાં સેવાઓ આપે છે.તેઓ ન્યુરો ફીઝીશ્યન છે. અને મેડીકલ જગતમાં તેમનું નામ જાણીતું છે.ચોથા મહાનુભાવ ડાહ્યાભાઇ શાસ્ત્રી છે. જેઓ સંસ્કૃત અને સંસ્કૃતિની જાળવણીના ભેખધારી છે. ૯૦ વર્ષની ઉંમરે તેઓ નડિયાદ પાસે બ્રહ્મર્ષિ સંસ્કાર ધામ નામે સંસ્કૃત પાઠશાળા ચલાવે છે.તેઓ વિશ્વ હિંદુ પરિષદના અધ્યક્ષ પણ રહી ચુક્યા છે.અને છેલ્લા પાંચમાં મહાનુભાવ ભીખુદાન ગઢવી છે.

## પાસપોર્ટ પ્રક્રિયા સરળ અને ઝડપી બનાવવા કેન્દ્ર સરકારનો નિર્ણય

દેશના નાગરિકોને પાસપોર્ટ જારી કરવાની પ્રક્રિયા ઝડપી બનાવવાના ઉદેશ્યથી કેન્દ્ર સરકારે જણાવ્યુ હતું કે પાસપોર્ટ મેળવવા માટે અરજી કરતાં સમયે ઓળખના ચોક્કસ દસ્તાવેજો રજુ કર્યા હશે તો નાગરિકને પાસપોર્ટ જારી કર્યા પછી પોલીસ તપાસ હાથ ધરાશે.પાસપોર્ટ જારી કરવા માટેની પોલીસ ચકાસણીની પ્રક્રિયા સુધારવા અને મુક્ત બનાવવા સરકારના પ્રયાસોના ભાગરુપે આ પગલું લેવાયું છે. નવી સિસ્ટમમાં સામાન્ય પાસપોર્ટ જારી કરવાને પ્રાથમિકતા આપવામાં આવી છે.

કેન્દ્રીય વિદેશ પ્રધાને ટ્વિટમાં જણાવ્યું હતું કે જો નાગરિકો આધારકાર્ડ, મતદાર ઓળખપત્ર, પાનકાર્ડ અને પોતાની સામે કોઇ ક્રિમિનલ કેસ નથી તેવું સોગંદનામુ રજુ કરશે તો અમે તેમને પાસપોર્ટ જારી કરીશું.સોગંદનામું પાસપોર્ટ કચેરી દ્વારા જારી એનેક્સ્ચર વન મુજબ કરવાનું રહેશે.

વિદેશમંત્રાલય દ્વારા જારી એક નિવેદનમાં જણાવાયું છે કે પહેલીવાર પાસપોર્ટ માટે અરજી કરનાર નાગરિકે રજુ કરેલ આધારકાર્ડ, મતદાર ઓળખપત્ર, પાનકાર્ડ અને સોગંદનામાની પોલીસચકાસણી પાસપોર્ટ જારી કરી દીધા બાદ કરાશે.જેને કારણે પાસપોર્ટ જારી કરવાની પ્રક્રિયા ઝડપી બનશે.આ માટે કોઇ વધારાની ફી ચુકવવાની રહેશે નહીં.આધારનંબર,મતદાર ઓળખપત્ર, અને પાનકાર્ડની ઓનલાઇન માન્યતાના આધારે પાસપોર્ટ જારી કરાશે.

નાગરિકે પાસપોર્ટ મળી ગયા બાદ પોલીસ ચકાસણી હાથ ધરાશે.પોલીસ વેરીફીકેશન રિપોર્ટ ઝડપથી જમા કરાવવા માટે એમ પાસપોર્ટ પોલીસ એપનો પ્રારંભ કરી આ પ્રક્રિયાને સરળ બનાવવામાં આવી છે.આ એપ દ્વારા ફિલ્ડ લેવલના અધિકારીઓ સિસ્ટમમાં પીવી રીપોર્ટ સીધોજ ડીજીટલી પ્રાપ્ત કરી શકશે.આ એપ લોન્ચ થવાની સાથે ફીઝીકલ પર્સનલ પર્ટીક્યુલર ફોર્મ ડાઉનલોડ કરી પ્રીન્ટ કરવાની જરુર નહીં રહે.જેને પગલે આ પ્રક્રિયા પેપરલેસ બની રહેશે.

પાસપોર્ટ પ્રક્રિયા ઝડપી બનાવવામાં પોલીસ ચકાસણીમાં વધુ સમય લઇ અવરોધ પેદા કરતી હતી.હવે નાગરિકોને ઝડપી પાસપોર્ટ મેળવવામાં પોલીસ ચકાસણી બાધા રુપ બનશે નહી અને નાગરિકોને ઝડપથી પાસપોર્ટ મળી શકશે.હજુ પણ કેટલાક સુધારાઓ બાકી છે.

## એન્જીનીયરીંગની ડીગ્રી હાંસલ કરનારા મોટાભાગના લોકોમાં કાબેલીયત હોતી નથી : એક અભ્યાસ

ભારતમાં ઈજનેર શાખામાં પદવી મેળવનારા મોટાભાગના લોકોમાં લાયકાત હોતી નથી.તાજેતરમાં કરાયેલ એક અભ્યાસમાં જણાવવામાં આવ્યું હતું કે ભારતમાં એન્જીનીયરીંગમાં સ્નાતક થનારા ૮૦ ટકા લોકો આ નોકરી માટે કાબેલ હોતા જ નથી.એસ્પાયરીંગ માઈન્ડની નેશનલ એમ્પ્લોયેબીલીટી રીપોર્ટમાં જણાવ્યા પ્રમાણે ભારતના ૮૦ ટકા એન્જીનીયરીંગ ગ્રેજ્યુએટ નોકરી માટે જ લાયક નથી.આ માટે ૬૫૦થી વધુ એન્જીનીયરીંગ કોલેજોના ૧,૫૦,૦૦૦ એન્જીનીયરીંગ છાત્રો પર અભ્યાસ કરવામાં આવ્યો હતો. અહેવાલમાં પણ જણાવામાં આવ્યું છે કે આ સ્થિતિ બતાવી રહી છે કે ભારતમાં શિક્ષણ અને તાલીમની વ્યવસ્થામાં મોટાપાયે સુધારો કરવાની જરુર છે.શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા મોટાપાયે વિદ્યાર્થીઓને શિક્ષણ અને તાલીમ આપવામાં આવે છે પણ બીજી તરફ કોર્પોસેટ્સ અને કંપનીઓ ફરિયાદ કરતી હોય છે કે તેમને યોગ્ય અને લાયક ઉમેદવારો મળતા નથી.તેમની પાસે આવતાં ઉમેદવારોમાં ચોક્કસ સ્કિલનો અભાવ હોય છે.

હાલના સંજોગોમાં દિલ્હી દ્વારા સૌથી કાબેલ અને લાયક એન્જીનીયર પુરા પાડવામાં આવે છે.ત્યારબાદ બેગલુર અને પશ્ચિમના અન્ય પ્રદેશોના નામ આવે છે.કેરળ અને ઓડીશા ટોચના ૨૫ પર્સેન્ટાઇલ લિસ્ટમાં આવે છે.જ્યારે પંજાબ અને ઉત્તરાખંડ ખુબજ પાછળ છે.

## હવે આંધ્ર સરકાર હિન્દુ ધર્મના પ્રચાર માટે પુજારીઓને ઘરે-ઘરે મોકલશે

આંધ્ર પ્રદેશની સરકારે એક ધર્મ પ્રચારની નવી રીત અજમાવવાનો નિર્ણય કર્યો છે.તેલુગુના નવા વર્ષ ઉગાડીના અવસરે સ્થાનિક મંદિરના પુજારીઓ લગ્ન અને બાળકોના જન્મ સહિત સાત જેટલા અવસરોએ લોકોને તેમના ઘરે જઈને આર્શીવાદ આપશે.રાજ્યસરાકારના મંત્રી પી. મણિક્યલા રાવે જણાવ્યું હતું કે આ નેક યોજના હિન્દુ ધર્મની પ્રચાર કામગીરીના એક ભાગ રુપે લાગુ કરવામાં આવી રહી છે.

હવે રાજનીતી પર ધર્મનો પંજો સકંજાઇ રહ્યો છે તેનો આ પુરાવો છે.

## સુભાષચંદ્ર બોઝની ૧૧૯મી જન્મજયંતી પર ૧૦૦ ગુપ્ત ફાઇલો સાર્વજનિક કરાઇ

વડાપ્રધાન મોદીએ નેતાજી સુભાષચંદ્ર બોઝની ૧૧૯મી જન્મ જયંતી નિમિત્તે તેમની સાથે સંકળાયેલી ૧૦૦ ગુપ્ત ફાઈલો ની ડીજીટલ નકલો જાહેર કરી હતી.નવી દિલ્હીમાં નેશનલ આર્ચિવ્ઝ ઓફ ઈન્ડીયા ખાતે વડાપ્રધાને નેતાજીના પરિવારજનોની હાજરીમાં આ ગુપ્ત ફાઈલોનું ડીજીટલ ડિસ્પ્લેને ખુલ્લુ મુક્યુ હતુ.

નેશનલ આર્ચિવ્ઝ ઓફ ઈન્ડીયા દર મહિને નેતાજી સુભાષચંદ્ર બોઝની સાથે સંકળાયેલી ૨૫ ગુપ્ત ફાઈલો જાહેર કરવાની યોજના બનાવી રહી છે.૭૦ વર્ષ પહેલાં ગુપ્ત થયેલા નેતાજીની ગુપ્ત ફાઇલો જાહરે કરવાના પગલાં ને તેમના પરિવારજનોએ વધાવી લીધું હતું.નેતાજીની ફાઈલો જાહેર થતાં તેની સાથે જ વિવાદો શરુ થઈ ગયા છે.એક ફાઈલ અનુસાર નહેરુએ નેતાજીને યુધ્ધ અપરાધી ઠરાવ્યા હતા.આ પત્રને લઈને કોગ્રેસ છેડાઈ છે.તેમણે નહેરુ અને કોગ્રેસની છબી ખરડવા માટે બનાવટી દસ્તાવેજને ગુપ્ત ફાઈલનું નામ આપ્યું છે.

મોદીએ આ ફાઈલો જાહેર કરી છે તેનાથી સરકાર પર શંકા ઉપજે છે.કોગ્રેસ આ ફાઈલને બનાવટી ફાઈલ માને છે.

## 'મનકી બાત' માત્ર દેશમાં એકજ વ્યક્તિનો અધિકાર : કેજરીવાલ

દેશમાં વધતી જતી અસહિષ્ણુતા અંગેના હિન્દી ફિલ્મોના પોડ્યુસર-ડિરેકટર કરણ જોહરના નિવેદનનો બચાવ કરીને દિલ્હીના મુખ્યમંત્રી કેજરીવાલે કહ્યું છે કે ભારતમં ફકત એકજ વ્યક્તિને પોતાના મનની વાત કરવાનો અધિકાર મળી ગયો છે.કેજરીવાલે વડાપ્રધાન મોદીની ટીકા કરતાં કહ્યું કે કરણ જોહરે સાચી વાત કરી છે. દેશમાં ફક્ત એકજ માણસ મનકી બાત કરી શકે છે.બીજા કોઈને અધિકાર નથી. ઝી જયપુર લિટરેચર ફેસ્ટીવલમાં બોલતાં કરણે એમ કહ્યું હતુ કે આ દેશમાં હવે કશું બોલતાં પણ બીક લાગે છે. દેશમાં અભિવ્યક્તિ સ્વતંત્રતા મજાક બની ગઈ છે.

જો તમે તમારા મનની વાત કરો તો તમારે જેલમાં જવાનો વખત આવે તેમ છે.જોહરના આ નિવેદનના મામલે બોલીવુડમાંથી ટીકા થઈ હતી.

## ડ્રેસકોડની સેન્સ માટે દિલ્હીના મુખ્યમંત્રીને જુતા ખરીદવા માટે નાણાં મોકલાયા

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ડ્રેસીગ સેન્સ નહી હોવાથી ક્ષોભ અનુભવતા દિલ્હીના એક વેપારીએ તેમને જુતા ખરીદવા માટે રુ.૩૬૪નો ડીડી મોકલી આપ્યો હતો અને અનુરોધ કર્યો હતો કે તેનાથી તેઓ એક સરસ પગરખાંની જોડી ખરીદી લે અને મહત્વના પ્રસંગોએ પગરખાં પહેરીને જાય.

ફ્રાંસના પ્રમુખને રાષ્ટ્રપતિ ભવનમાં મળવા પહોચેલા કેજરીવાલ સેન્ડલ પહેરીને ગયા હતા.જે ડ્રેસ કોડને અનુરુપ નથી. તેથી તેમણે આ ડીડી પગરખાં માટે મોકલ્યો હતો.

માખી પ્રતિ સંકંડે છસ્સો ત્રીસ વાર પાંખ ફફડાવે છે.

બગીચામાં જોવા મળતા કરોળીયા એક સાથે ૬૦૦ ઈંડા મુકે છે.

કાચબાનું હ્દય શરીરમાંથી કાઢી લીધા પછી ૪૦ કલાક સુધી ધબકતું રહે છે.

ઓક્ટોપસને ખુભ ભુખ લાગે ત્યારે તે પોતાનો હાથ પણ ખાઈ જાય છે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**લગ્ન વિષયક**

ખ્રિસ્તી શાસાનુસાર અધિકૃત લગ્નવિધિ કરાવનાર

**ગીડીયોન પોલ પરમાર**

(ગર્વ.મેરેજ રજીસ્ટાર)

નં. ૯, કનાન સોસાયટી, મેથોડિસ્ટ ચર્ચ સામે, આણંદ

૦૨૬૯૨-૨૫૦૯૬૯

મો.૯૯૨૪૨૦૫૫૦૫, ૯૭૨૩૩૩૨૩૯૬



**★ નીલા ફાઇનાન્સ ★**

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

**નીલા સી.ગામડીયા**

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

# ભાજપનો આંતરિક કલહ અને ભ્રષ્ટાચાર ગુજરાતની શાંતિનો ભોગ લેશેઃ વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલા

કોગ્રેસના અને ગુજરાત વિધાનસભાના વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે ગુજરાતમાં ૨૦૦૧થી રાજ્યમાં અને ૨૦૧૪થી કેન્દ્રમાં ભાજપની સરકારો બન્યા પછી આ બંને સરકારો તુક્કાઓથી ચાલે છે.હકીકતમાં, સરકાર સક્ષમ લોકો માટે નહીં પણ જરુરીયાતમંદ લોકો માટે કામ કરતી હોવી જોઈએ.વર્ષ ૨૦૧૪માં એનડીએ સરકાર દિલ્હીમાં બેઠી ત્યારપછી ચુંટણી સમયે યુપીએ સરકારના નિર્ણયો વિરુધ્ધ કરેલ નિવેદનો પ્રત્યે ઘણા યુ ટર્ન પોતાના ફેસ સેવીંગ માટે લીધા છે.અમે પ્રજા વિરોધી નથી તેવો દેખાડો કરવા અને યુપીએ સરકારના સારા કાયદાઓ હોય તો તેનો અમલ કરીશું તેવા દેખાડાવાળા યુ ટર્ન લીધા પછી પણ દેશમાં મોંઘવારી અને બેકારીના સમયમાં પ્રજા 'અચ્છે દિન આયેગે' એવી અપેક્ષા રાખી રહી છે તેવી કોઇ રાહત મળી નથી.અને આશા સાવ ઠગારી નિવડી છે.તેમણે કહ્યુ હતું કે કોગ્રેસની યુપીએ સરકારે મનરેગા જેવા કાયદાઓની તે વખતે ગુજરાતની ભાજપ સરકાર મશ્કરી કરતી હતી.આજે એજ એનડીએ સરકાર યુપીએ સરકારની મનરેગા સ્કીમ સારી છે એમ સ્વીકારે છે.મનરેગા, રાઈટ ટુ ઈન્ફોમેશન,રાઈટ ટુ એજ્યુકેશન યોજનાઓ તેમજ સિત્તેર કરોડરુ. ખેડુતોની દેવા માફીની યોજના,એમએસપી દ્વારા કપાસ અને બીજા અન્ય અનાજના ભાવોમાં ખડુતોને રાહત મળે તેવી યોજનાઓ કેન્દ્રની યુપીએ સરકારે બનાવી હતી.મહિલા અને બાળ સુરક્ષા બીલ અને નેશનલ ફુડ સીક્યુરીટી એક્ટ બનાવી જે તે વખતની સરકારે સક્ષમ લોકોને બદલે જરરીયાદમંદ લોકોની ચિંતા કરી હતી.૨૦૦૨બાદ બનેલી ભાજપ સરકારે કરેલા તુક્કાઓના કોઈ પરિણામ આવ્યા નથી.એટલા માટેજ ઓબીસી હોય,પાટીદાર સમાજહોય, એસસી,એસટી સમાજ હોય,ટુંકમાં આખું ગુજરાત આ ભાજપ સરકારથી નારાજ હોય તેવી સ્થિતિ પેદા થઈ છે.આજે આખા વિશ્વમાં મંદીનું મોજુ ફરી વળ્યું છે.યુપીએ સરકાર વખતે પણ મંદીનું મોજું ફરી વળ્યુ હતું.ત્યારે તત્કાલીન વડાપ્રધાન મનમોહનસિંહજીએ આવી યોજનાઓ દ્વારા મંદી ઉપર જોરદાર બ્રેક મારેલી.સામાન્ય માણસની ખરીદ શક્તિ વધે તો મંદીમાં પણ ઉત્પાદન ચાલુ રહે તેવા પગલાં તેઓએ લીધા હતા.એનડીએ સરકાર જે એફડીઆઈનો વિરોધ કરતી હતી તેને ચાલુ રાખવાની ફરજ પડી છે.અને સંરક્ષણ અને રેલ્વેના ક્ષેત્ર સુધી એફડીઆઈને લઈ જવા માંગે છે.મેઈક ઈન ઈન્ડીયા,મેઈડ ઈન ઈન્ડીયા આવા સુત્રો આપ્યા પછી પણ જો સરદાર સાહેબનુ સ્ટેચ્યુ ચીનમાં બનવાનું હોય તો તે મેઈક ઈન ઈન્ડીયાની મશ્કરી સમાન છે.

શ્રી શંકરસિંહ વાઘેલાએ જણાવ્યું હતું કે અત્યારે દેશ ભયંકર ખરાબ રીતે મંદીની ગર્તામાં ધકેલાઈ રહ્યો છે. ત્યારે એનડીએ સરકારે જાહેર કરેલી તુક્કાવાળી સ્કીમોની કોઈ અસર તેના ઉપર થવાની નથી.અને માત્ર કાગળ પર જ રહેવાની છે.રુપીયો બહુ ઝડપથી નાનો થતો જાય છે.આજે આંતરરાષ્ટ્રીય બજારમાં પેટ્રોલ-ડીઝલના ભાવ મુજબ ઘરઆંગણે સરકાર તેના ભાવ નિયંત્રિત કરતી નથી. તેના બદલે કેન્દ્ર સરકાર એક્સાઈઝ ડ્યુટી વધારી તેના ફાયદો ઉઠાવી રહી છે.પ્રજાને છેતરી રહી છે એ બાપના પૈસે દીકરો દીવાળી કરે એમ પોતાના માટે અનામત ભંડોળ ઉભુ કરી રહી છે.મોંઘવારી કુદકે અને ભુસકે વધી રહી છે.મધ્યમવર્ગ,ગરીબ વર્ગ અને નીચલા મધ્યમ વર્ગને દઝાડી રહી છે.ભયંકર મંદીના એંધાણ દેખાઈ રહ્યા છે.ત્યારે ગુજરાત સરકાર આર્થિક દેવાળીયું રાજ્ય બની રહેવાનું છે.કારણકે આજે બે લાખ કરોડ ઉપરાંત રાજ્ય સરકારનું દેવુ વધી ગયું છે.એમાં પણ ગુજરાત સરકાર વાયબ્રન્ટ સમિટ,વિવિધ મહોત્સવો,મોટી મોટી જાહેરાતો પાછળ વિકાસ માટે ફાળવેલ નાણાં બિન ઉત્પાદકીય ખર્ચાઓ પાછળ વેડફી રહી છે.વેટ વિગેરે ઉઘરાવવા છતાં ટારગેટ પુરા ન થવાને પરિણામે નજીકના ભવિષ્યમાં સરકારે અધિકૃત રીતે ઓવરડ્રાફટ લેવો પડે તો નવાઈ નહીં. આ સરકાર ઓવરડ્રાફટ લેશે પણ છુપાઈને લેશે.

આજે ઉભી થયેલી બેકારોની વણઝાર સરકારને લઈને ડુબશે. પાટીદાર સમાજ,ઓબીસી, એસસી, એસટી આ તમામ સમાજો વચ્ચે વર્ગ વિગ્રહ ન થાય તે રીતે સાચવીને સરકારે તેમના પ્રશ્નોનું નિરાકરણ થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.નહી તો ભાજપનો આંતરિક કલહ અને ભ્રષ્ટાચાર જે રીતે વધી રહ્યો છે તે જોતાં ગુજરાતની શાંતિનો ભોગ ન લેવાય તો સારુ.

ગુજરાતી ચલચિત્રોની નવી નીતિ બાબતે તેમણે કહ્યુ હતું કે આગામી બજેટ સત્ર પંદરેક દિવસોમાં મળવાનું છે ત્યારે આવી જાહેરાત સસ્તી પ્રસિધ્ધિ મેળવવા માટે બહાર કરવાને બદલે સરકારે સભાગૃહમાં કરવી જોઈએ.એટલો પણ વિવેક ભાજપ સરકાર જાળવી શકી નથી તે દુઃખદ છે.હકીકતમાં આ પોલીસી માત્ર સામાન્ય જાહેરાત જેવી જ છે.આમાં કંઈ નવું નથી. આ નીતિથી ગુજરાતી ચલચિત્રોને મોટી કોઈ મદદ કે હુંફ મળે તેવું નક્કર દેખાતું નથી.

દારુના અડ્ડાઓ પર જનતા રેડ કરી રહી છે તેના બદલે સરકારે આ કામ કરવાનુ છે.પરંતુ સરકાર અને અધિકારીઓ હપ્તા લેતા હોવાથી દારુના અડ્ડા બંધ કરાવી શકાતા નથી.આવા કામ એનજીઓ દ્વારા થઈ રહ્યા છે તે આવકાર્ય છે.રીવરફ્રંટ પાછળ ચાલતા માટલા ફંટ અને પીપડા ફંટ જોવા મળે છે.ત્યાં દેશી દારુની ભઠ્ઠીઓ ધમધમે છે.પરંતુ પોલીસ અને સરકારની આંખ ઉઘડતી નથી.ગુજરાત સરકારની કહેવાતી દારુબંધીના ધજાગરા છે.બુટલેગરો બેખોફ બની ગયા છે.તેઓ પોલીસો પર હુમલા કરે છે.એ હપ્તાખોરીને કારણે બને છે.

# બીજેપીની સરકાર રહેશે ત્યાં સુધી આતંકવાદ રહેશે : સુશીલકુમાર શિંદે

પુર્વ કેન્દ્રીય ગૃહમંત્રી સુશિલકુમાર શિંદે તાજેતરમાં અમદાવાદની મુલાકાતે આવ્યા હતા ત્યારે તેમણે એરપોર્ટ પર મીડીયા સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે ભાજપની સરકાર જ્યાં સુધી રહેશે ત્યાં સુધી આતંકવાદને પ્રોત્સાહન મળતું રહેશે.

તેમણે જણાવ્યું હતું કે ભાજપ દલિતોને આગળ આવવા માટે મોકો નથી આપતી. દલિતોના હક માટે અમારે આગળ આવવુ પડે છે. તેમણે કોગ્રેસી નેતા બલરામ જાખડના નિધન પર શોક વ્યક્ત કર્યો હતો.

# જમ્મુ કાશ્મીરમા સરકારની રચનાને લઇને અનિશ્ચિતતા - શાંતિ વિકાસની જવાબદારી વડાપ્રધાન પર ઢોળાઇ

જમ્મુ કાશ્મીરમાં સરકારની રચનાને લઈને અનિશ્ચિતતાને પગલે પીડીપીના મહેબુબા મુફતી અને ભાજપના નેતા નિર્મલ સિંહ રાજ્યપાલ એન.એન.વોરાને મળ્યા હતા.આ મુલાકાત બાદ પીડીપીના વડા મહેબુબા મુફતીએ જણાવ્યુ હતું કે ભાજપ સાથે ગઠબંધન સરકાર રચતાં પહેલા અમારે જમ્મુ કાશ્મિરની શાંતિ અને વિકાસ માટે કેન્દ્ર પાસેથી કેટલીક ખાતરી જોઈએ છે

જ્યારે ભાજપના નેતા નિર્મલસિંહે કહ્યુ હતું કે પીડીપીએ તેમનો નેતા પસંદ કરવાનો હોવાથી અમે રાજ્યપાલ પાસે દસ દિવસનો સમય માંગ્યો છે.અમે પીડીપી સાથે ગઠબંધન ચાલુ રાખવા માંગીએ છીએ.આ ઔપચારિક મુલાકાત હતી અને રાજકીય મુદ્દે હજુ ચર્ચા કરી નથી.

જો હવે પીડીપી ઝડપથી સરકાર રચવાનો દાવો નહીં કરે તો ભાજપ સરકાર રચવાનો દાવો કરશે કારણકે રાજ્યમાં પીડીપી પછી સૌથી મોટો પક્ષ ભાજપ છે.

# અરુણાચલમાં રાષ્ટ્રપતિ શાસન : શત્રુધ્નસિહા સરકારના નિર્ણય પર ખફા

શત્રુધ્નસિંહાએ અરુણાચલ પ્રદેશમાં કેન્દ્ર સરકાર દ્વારા લદાયેલ રાષ્ટ્પતિ શાસન બાબતે સવાલ ઉઠાવ્યા હતા.તેમણે વડાપ્રધાનને આવી સલાહ આપનારા કોણ છે જ્યારે આ કેસની સુનાવણી કોર્ટમાં ચાલી રહી છે ત્યારે જલ્દબાજી કરવા માટે શું જરુરી હતું.

અરુણાચલ પ્રદેશમાં રાષ્ટ્રપતિ શાસન લગાવવા વિરુધ્ધ કોગ્રેસે સુપ્રીમ કોર્ટને નિશાના પર લીધી છે.આ ઉપરાંત કેન્દ્રે સરકારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે રાજયમાં શાસનઅને કાનુની વ્યવસ્થા પુરી રીતે પડી ભાગી છે.તેમજ રાજ્યપાલના પરિવાર પર જાનનું જોખમ છે.રાજયમાં બેરોકટોક ગૌહત્યા કરવામાં આવે છે.મુખ્યમંત્રી નબામ તુકી અને વિધાનસભાના અધ્યક્ષ નબામ રેબિયા રાયપાલ જ્યોતિપ્રસાદ રાજખોવાની વિરુધ્ધ સાંપ્રદાયિક રાજનીતી કરી રહ્યા છે.

મુખ્યમંત્રી અને વિધાનસભાના અધ્યક્ષ બંન્ને એક જ સમુદાયના છે.તે એક ખાસ સમુદાયના વિદ્યાર્થીઓ અને અન્ય સાંપ્રદાયિક સંગઠનો ને અન્ય આદીવાસીઓ અને રાજયપાલનો ઉલ્લેખ કરીને ભડકાવવાનું અને વિતપોષણ કરી સાંપ્રદાયિક રાજનીતિ કરી રહ્યા છે.


## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

## અમી સર્જીકલ

**જય ક્રિશ્ચિયન**

૧૩,સહયોગ પાર્ક-૧

,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



## વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

## ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

**ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ**

**સંપર્કઃ જહોન એમ.મેકવાન**

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.